# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૩ તા. ૧૦-૯-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ- સ્વચ્છતા અભિયાન બાબત.**

**સંદર્ભ :- પત્રક્રમાંક : પરચ / ૧૨૨૦૧૫ / ૩૦૮૮ / ક તા.૯-૯-૧૫નો માન. નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગનો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્ય સરકારે તા.૧૫ -૧૬ સપ્ટેમ્બર-૨૦૧૫ દરમ્યાન સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનું તથા તા.૧૭-૯-૧૫ના રોજ **સ્વચ્છતા દિન** ઉજવવાનું નક્કી કરેલ છે. સ્વચ્છતા અભિયાનના અનુસંધાને આ દિવસો દરમ્યાન મ્યુનિ. સ્કૂલ બોર્ડ હસ્તકની તમામ શાળાઓમાં નીચે મુજબની કામગીરી અચૂક હાથ ધરવાની રહેશે.

૧. શાળાની સફાઈ.

૨. શાળાના મેદાનની સફાઈ

૩. શાળાઓમાં કુમાર અને કન્યાના શૌચાલયની સફાઈ

૪. મધ્યાહન ભોજનના શેડ તથા વાસણોની સફાઈ,સ્ટોરની સફાઈ

૫. શાળાના વર્ગખંડ સુશોભન, સ્વચ્છતાને પ્રેરે તેવા એકાંકી રોલ-પ્લે વગેરે સંદર્ભે વર્ગો - વર્ગો વચ્ચે સ્પર્ધાનું આયોજન કરી શકાય તથા ચિત્ર / નિબંધ / વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન પણ કરી શકાય.

૬. સફાઈ સંદર્ભે શાળાનાં આસપાસના પોકેટ એરિયામાં સ્વચ્છતા રેલીનું આયોજન કરવું, સ્વચ્છતા રેલીમાં સ્વચ્છતાના પ્લે કાર્ડ સાથે રાખવા.

ઉપરોક્ત દર્શાવેલ કામગીરીનું ચોકકસપણે પાલન થાય તે માટેનું અગાઉથી આયોજન કરવાનું રહેશે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત કરેલ કામગીરીનો અહેવાલ ફોટોગ્રાફ સહિત બીટ સુપરવાઈઝરશ્રીને સુપ્રત કરવાનો રહેશે.

તા.૧૦ -૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી